GJSK180002952026

<table>
<tr><td>રજૂ તારીખ</td><td>:</td><td colspan="3">૨૮/૦૨/૨૦૨૬</td></tr>
<tr><td>નોંધ્યા તારીખ</td><td>:</td><td colspan="3">૨૮/૦૨/૨૦૨૬</td></tr>
<tr><td>ફેંસલ તારીખ</td><td>:</td><td colspan="3">૧૧/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td colspan="2" rowspan="2">સમયગાળો :</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૦</td><td>૧૧</td></tr>
</table>

**ઈડરના મે.બીજા અધિક સત્ર ન્યાયાધીશ શ્રી (કે.એસ.હિરપરા) ની કોર્ટમાં,**
**મુકામ–ઈડર**

**ફોજદારી પરચુરણ અરજ નં.૧૩૫/૨૦૨૬**
**આંક : ૭**

**અરજદાર :** **ચેતનભાઈ વખતરામ બુબડીયા,**
ઉ.વ.૩૧, ધંધો–ખેતી,
રહે.કુકાવાસ, તા.કોટડા છાવણી,
જી.ઉદેપુર(રાજસ્થાન)

**વિરૂધ્ધ**

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજ :– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ–૪૮૩ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે.**

**અરજદાર પક્ષે વિ.વ.શ્રી : એમ.જે.પટેલ**
**સામાવાળા પક્ષે વિ.એ.પી.પી.શ્રી : પી.જે.સોની**

## //ચુકાદો//

(૧) અરજદાર સામે ખેરોજ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજીસ્ટર નં.૧૧ ૨૦૯૦૦૩૨૨૦૨૩૩/૨૦૨૨, ઈ.પી.કોડની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૪૩૫, ૪૨૭, ૧૨૦બી, ૨૧૨, ૨૦૧ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧બી)એ, ૨૭તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબની કલમ–૧૩૫ મુજબની ફરીયાદ દાખલ થતાં થતાં અરજદારને આરોપી તરીકે દર્શાવેલ છે અને અરજદારની સદર ગુનાના કામે આ ચાર્જશીટ પછી બીજી જામીન અરજી છે.

અરજદાર/આરોપી તરફે તેમની અરજીના સમર્થનમા આંક–૩ ના પુરાવા લીસ્ટથી નિ.૩/૧ થી એફ.આઈ.આર. ની સર્ટીફાઈડ નકલ, નિ.૩/૨ થી ચાર્જશીટની સર્ટીફાઇડ નકલ, નિ.૩/૩ થી ફો.પ.અ.નં.૩૩૫/૨૨, નિ.૩/૪ થી ફો.પ.અ.નં.૬૧૫/૨૨, નિ.૩/૫ થી ફો.પ.અ.નં.૨૭૮/૨૪, નિ.૩/૬ થી ફો.પ.અ.નં.૩૪૭/૨૪, નિ.૩/૭ થી ફો.પ.અ.નં.૩૪૮/૨૪ તથા નિ.૩/૮ થી ફો.પ.અ.નં.૩૬૦/૨૫ વિગેરના હુકમની ખરીનકલ તેમજ નિ.૩/૯ થી નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ક્રિ.પ.અ.નં.૨૬૨૩૬/૨૦૨૫ થી જામીન અરજી દાખલ કરેલ જે વીડ્રો કરેલ છે જેની હુકમની ઓનલાઇન કોપી તથા નિ.૩/૧૦ કિ.પ.અ.નં.૫૪/૨૦૨૬ ના હુકમની ખરીનકલ તથા નિ.૩/૧૧ થી ના. ડીસ્ટ્રકટ એન્ડ સેસન્સ કોર્ટ, અમદાવાદ રૂરલના કિ.પ.અ.નં.૩૪૬/૨૦૨૬ના કામની હુકમની ખરી નકલ રજુ કરેલ છે.

(૨) અરજદારની અરજી રજૂ થતાં આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે નોટિસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી પી.જે.સોની આંક–૫ ની પુરસીસ આધારે હાજર થયેલા છે અને આંક–૬ થી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રી એમ.જે.પટેલે તેઓની અરજીના સમર્થનમા દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે ફરીયાદીની હકીકત ધ્યાને લેતાં, અરજદાર આ જે કહેવાતો ગુનો બનેલ છે તે સમયે બનાવ સ્થળ પર હાજર ન હતા અને ફકત ને ફકત ખોટી રીતે અદાવત રાખી ફરીયાદીએ ફરીયાદમાં અરજદારનુ નામ જણાવેલ છે. વધુમા કહેવાતા બનાવમાં જે કહેવાતા હથિયારનો ઉલ્લેખ કરવામા આવેલ છે તે હથિયાર અરજદારે આજદીન સુધી જોયેલ ન હોય અને તેનો ઉપયોગ પણ કેવી રીતે કરવો તેની પણ તેઓને ખબર નથી. સદર કામના ફરીયાદી એ સદર ફરીયાદ ફકત તેઓની અંગત અદાવત રાખી ખોટી રીતે અરજદારના મળતા અને ભળતા આવતા ઈસમના નામના આધારે ફક્ત ને ફકત ફરીયાદીએ તેમની ફરીયાદમા નામ જણાવેલ છે અને આ કામે કોઇને પણ ઇજા થયેલ નથી. સદર ગુન્હામાં અરજદાર વિરુધ્ધ ખોટા આક્ષેપો કરીને અરજદારને ખોટી રીતે આરોપી બનાવેલ છે. અરજદાર આવા કોઈ ગુનામાં સંડોવાયેલ નથી. અરજદાર મજુર વર્ગના અને મજુરી કરી તેમના પરીવારનુ ગુજરાન ચલાવે છે. અરજદાર કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી અને સદર કામના ગુન્હાની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે જો અરજદારને જામીન પર મુકત કરવામા નહી આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે અને તેની સજાનો ભોગ અમો અરજદાર તથા

અરજદારના પરીવાર બને તેમ છે. અરજદાર અરજીમા જણાવેલ સરનામે રહે છે અને ક્યાંય નાસી ભાગી જઈએ તેવા ઈસમ નથી. સદર ગુન્હાના કામે પોલીસ અધિકારીશ્રીનાઓ દ્વારા સંપૂર્ણ તપાસ પૂર્ણ થઇ ગયેલ છે તેમજ અરજદાર હાલમાં ૩૨ વર્ષ ના છે અને હજુ અરજદારનું શૈક્ષણિક ભવિષ્ય બાકી હોય અને અ અરજદાર ઉપર તેમના આખા પરીવાર ની જવાબદારી રહેલ છે. અરજદાર ગઈ તારીખ ૧૧/૨/૨૫ થી જયુડીશીયલ કસ્ટડી(કાચા કામના કેદી) તરીકે છે અને આ ઉપરાંત અન્ય પાંચ ગુનાના કામે અરજદાર જામીન ઉપર મુક્ત થયેલ છે અને સદર ગુનાના કામે જે આરોપીઓને નામ.કોર્ટ દ્વારા જામીન પર મુકત કરવામા આવેલ છે તેઓના હુકમો આ અરજ સાથે સામેલ રાખેલ છે. અરજદાર ગઈ તા.૧૧/૨/૨૫ થી આજદીન સુધી એટલે કે, આશરે એક વર્ષ ઉપરાંતના સમયગાળાથી જયુડીશીયલ કસ્ટડીમાં છે અને સદર કામે સરકાર દ્વારા કોઈ દસ્તાવેજી પુરાવા લીસ્ટ આજદીન સુધી અરજદારને આપેલ નથી અને હાલમાં ટ્રાયલ ચાલુ નથી અને સદર ગુનાના કામે અરજદારે અગાઉ આપ નામ સાહેબશ્રી સમક્ષ ચાર્જશીટ પછી ગઈ તા. ૫/૬/૨૫ ના રોજ જામીન અરજી રજુ રાખેલ હતી જે અરજી નામંજુર થયેલ હતી અને ત્યારબાદ નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જામીન અરજી દાખલ કરેલ જે ગઈ તા. ૧૮/૧૨/૨૫ ના રોજ વિથડ્રો કરેલ અને હાલમાં સદર અરજી કરવાનુ કારણ ટ્રાયલ ચાલતા ખુબ જ લાંબો સમય થાય તેમ છે તેથી અને અરજદાર છેલ્લા એક વર્ષ ઉપરાંત થી જયુડી.કસ્ટડીમાં છીએ અને તેના સિવાય કોઈ અન્ય ગુનો પેન્ડીંગ ના હોય અરજદારને જામીન પર મુક્ત કરવા નમ્ર અરજ છે. વધુમાં

અરજદાર કોઈ હાર્ડકોર ક્રિમીનલ નથી કે અરજદાર કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી તથા પર્સનલ લીબર્ટીના અધિકારીને ધ્યાને લઈ નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્ધા વિરૂધ્ધ સી.બી.આઈ ૨૦૧૨(૧),જી.એલ.એચ ૯૩ ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો મુજબ સદર ગુના ની પુરેપરી તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને સદર ગુનાના કામે આરોપી વિરૂધ્ધ ચાર્જસીટ પણ નામદાર કોર્ટમા રજુ થઈ ગયેલ છે સદર ચુકાદામા મુજબ "જામીન એ નિયમ છે અને જેલ એ એક અપવાદ છે" તે સિધ્ધાંતને ધ્યાને લઈ તથા સુપ્રિમ કોર્ટસના જજમેન્ટ મુજબ, આરોપીને ગુનેગાર ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ હોવાનુ અનુમાન થતુ હોવાથી જામીન ઉપર મુક્ત કરવા અરજ છે તેને પણ ધ્યાને લઈને અમો અરજદારને જામીન ઉપર મુક્ત કરવા નમ્ર અરજ છે. વધુમાં અરજદાર/આરોપીને જામીન મુકત કરવામા આવે તો તેઓ નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના સધ્ધર જામીન આપવા તૈયાર છે અને શરતોનુ પાલન કરવા ખુશી છે. જેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી પી.જે.સોનીનાઓએ દલીલ કરેલ છે કે, આ કામના આરોપી છેલ્લા ત્રણ વર્ષની નાસતા ફરતા હતા અને તેઓએ ફરીયાદીના કાકાના દિકરા પાસે આરોપી પૈસાની માંગણી કરતો હોય જે પૈસા આપેલ ન હોય અને ફરીયાદીના કાકાના દિકરા શાહરુખ ઉપર ફાયરીંગ કરતાં અને અગાઉ ફરીયાદ આપેલ હોય તે ફરીયાદમાં સમાધાન કરવા આરોપીઓએ માણસો મોકલેલ અને ગેરકાયદેસર મંડળી રચી, બંદુક તેમજ પાઈપ જેવા હથિયાર ધારણ કરી ફરીયાદીની સ્કોર્પીયો ગાડીને તોડફોડ કરતાં હોય

જે ના પાડતાં આરોપીએ જાનથી મારી નાંખવાના ઈરાદે ફરીયાદી ઉપર ફાયરીંગ કરેલ અને સ્કોર્પીયો ગાડી સળગાવી દીધેલ. અરજદાર/આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. હાલના અરજદાર ઉપર અલગ અલગ પોલીસ સ્ટેશનમાં કુલ–૨૭ ગુના નોંધાયેલ છે અને આ અદાલતે અગાઉ જામીન અરજ નામંજુર કરેલ છે અને કોઈ સંજોગોમાં ફેરફાર થયેલ નથી તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર નહી રહે અને ફરીથી ગુના કરશે જેથી અરજદાર/ આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળ્યા, જામીન અરજી તથા તેની સાથેના દસ્તાવેજો તથા પોલીસ પેપર્સ, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ વંચાણે લીધું. પરંતુ, આ કામે તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ ધ્યાને લેતાં, અરજદાર/આરોપી રાજસ્થાનના છે તેમજ અરજદાર/આરોપી એ ફરીયાદી ઉપર જાનથી મારી નાંખવાના ઈરાદે ફાયરીંગ કરેલ છે અને હાલના આરોપી તથા અન્ય આરોપીઓએ સાથે મળી સ્કોર્પીયો ગાડીમાથી પેટ્રોલ કાઢી સળગાવી દીધેલ વિગેરે મુજબની ફરીયાદ છે અને આ કામે ચાર્જશીટ થયેલ છે અને ગુનામાં વપરાયેલ બારાબોર જેવું હથિયાર કોટડા પોલીસ સ્ટેશનમાં જમા લીધેલ છે તેમ તપાસ કરનારે સોગંદનામામાં જણાવેલ છે. તેમજ અન્ય આરોપીઓને મદદગારીનો રોલ હોય જામીન મુકત કરેલ છે અને હાલના આરોપી ગુનો કર્યા બાદ નાસતા ફરતા હતા. તેમજ આરોપી સામે અન્ય ૨૭ ગુનાઓ નોંધાયેલ છે અને જામીન મુકત કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન હાજર નહી રહે તેવી શક્યતા છે અને જામીન મુકત આવે તો ટ્રાયલ દરમ્યાન હાજર નહી રહે તેવી

શક્યતા છે અને ગંભીર પ્રકારનો ગુનો છે તે ધ્યાને લઇ આ અદાલતે અગાઉ અરજદાર આરોપીનો ગુના કામે રોલ ધ્યાને જામીન અરજ નામંજુર કરવામાં આવેલ ત્યારબાદ અરજદારે ના.હાઇકોર્ટમાં જામીન અરજી કરેલ તે પરત ખેંચેલ છે. ત્યારબાદ હાલની આ જામીન અરજ ફરી આ અદાલતમાં કરેલ છે. પરંતુ, સંજોગોમાં ફેરફાર થયેલ નથી. જેથી આ તમામ હકીકત, સંજોગો, રજુઆત તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાને લેતાં, અરજદાર/આરોપીને આ અદાલતની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી જામીન મુકત કરવા ન્યાયોચિત જણાઈ આવતુ ન હોય, ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**/// હુકમ ///**

(૧) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

સ્થળ : ઇડર ( કે.એસ.હિરપરા)
તારીખ :૧૧/૦૩/૨૦૨૬ બીજા એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ
સાબરકાંઠા–ઇડર
કોડ નં.જીજે૦૦૫૦૪

**NVP **